ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/Digital Portal/૨૦૧૭/૯૬૫૨-૯૭૩૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૦૬/૧૧/૨૦૧૭

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- ડિજીટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વીસ પોર્ટલ) પર શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય માટે ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભઃ- (૧) આ કચેરીના ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૭/૨૩૫૩-૨૪૦૫ તા.૧૫/૦૫/૨૦૧૭
(૨) આ કચેરીના ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૭/ ૭૮૧૭-૭૯૦૩ તા.૧૨/૦૯/૨૦૧૭
(૩) આ કચેરીના ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૭/ ૯૨૫૦-૯૩૩૬ તા.૧૬/૧૦/૨૦૧૭

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેન્ક ખાતામાં એક જ જગ્યાએ ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal (Common Service Portal) ડેવલોપ કરવામાં આવેલ છે.

Digital Gujarat Portal માં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આ કચેરીના સંદર્ભ-૧ થી ૩ ના પત્રોથી આપના જિલ્લા હસ્તકની તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી તથા બેન્ક એકાઉન્ટ વેરીફીકેશનની કામગીરી પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ. પરંતુ હજી સુધી ગાંધીનગર, છોટા ઉદેપુર, દાહોદ, બનાસકાંઠા પાટણ, ડાંગ અને તાપી જિલ્લાઓની માત્ર ૫૦ થી ૬૦ ટકા જ ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવામાં આવેલ છે અને બાકીના જિલ્લાઓની પણ ૧૦૦ ટકા ડેટા એન્ટ્રી પૂર્ણ કરવામાં આવેલ નથી. જે યોગ્ય નથી.

મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગતના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા.૦૭/૧૦/૨૦૧૭ ના ક્રમ ૨ ના ખંડ-૨.૧ માં બિન અનામત વર્ગના તમામ વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા-પિતાની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય મફત ગણવેશ પાઠ્યપુસ્તકો તથા શિષ્યવૃત્તિના એકસમાન ધોરણે લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. તો, સદર ઠરાવનો અભ્યાસ કરી આપના જિલ્લાના બાકી રહેલ શાળાઓના વિદ્યાર્થીઓની બેન્ક એકાઉન્ટ અને આધાર નંબર સહિતની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરી તેની જાણ આ કચેરીને કરવા તાકીદ કરવામાં આવે છે.

બિડાણઃ- MYSY ના તમામ ઠરાવ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૨૦૯૮૨૮-૮૩૬
ક્રમાંક / ૨૫ જીએ-૯ ૨૦૧૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૨૩-૧૧-૨૦૧૭
૨૪

આ-પત્રક સાથેના ભાગ લખ્યુ ઉપરોક્ત વિગતે અનુસંધાને
અમલ કરવા સારૂ

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી શ્રી,
તમામ સરકારી માધ્યમિક ઉ.માધ્યમિક તમામ
ગ્રાન્ટેડ બનાસકાંઠા જિલ્લો.